# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ००૬.
ફોન : (०७૯) २૬૫७८२१२,२૬૫७८२१३ ફેક્સ : (०७૯) २૬૫७૯૫८૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

અખબારી યાદી તા. 09-03-2022

- સરકારી નોકરીમાં ભરતી પ્રક્રિયા પારદર્શક થાય અને પેપરલીંક જેવી ઘટનાઓ પર રોક લાગે તેવી માંગ સાથે ગુજરાતમાં યુવાનોને ન્યાય મળે તે માટે તા. 28મી માર્ચે ગાંધીનગરમાં યુવા સંમેલન યોજાશે.
- ભાજપ સરકાર ગુજરાતના લાખો યુવાનોની કારકિર્દી અને જિંદગી સાથે રમત રમવાનું બંધ કરે.

રાજ્યના યુવાનોને રોજગારના નામે મોટી મોટી વાતો કરતી ભાજપાની ભ્રષ્ટ સરકારની યુવા વિરોધી નીતિ અંગે આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખશ્રી હાર્દિક પટેલ અને ધારાસભ્યશ્રી જીજ્ઞેશ મેવાણીની સંયુક્ત પત્રકાર પરિષદ રાજીવ ગાંધી ભવન ખાતે યોજાઈ હતી.

ભાજપ સરકાર 25 વર્ષના શાસનમાં યુવાનોને રોજગાર આપવામાં નિષ્ફળ ગઈ છે ત્યારે સરકારી નોકરીઓમાં ગેરરીતિઓ અટકે, પારદર્શક ભરતી પ્રક્રિયા માટે કાયદો બને તેવી માંગ સાથે રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખશ્રી હાર્દિક પટેલે જણાવ્યું હતું કે, બજેટ જાહેર થયું ત્યારે ગુજરાતના શિક્ષિત યુવાનોને ઘણી અપેક્ષાઓ હતી. વર્ષોની જેમ ગુજરાતનું કોપી પેસ્ટ બજેટ જોવા મળ્યું છે. બજેટમાં એક પણ પાને ગુજરાતના શિક્ષિત બેરોજગાર મામલે ઉલ્લેખ નહિ. ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાં 4.5 થી 5 લાખ જગ્યા લાંબા સમયથી ખાલી છે. આગામી દિવસોમાં સરકાર પાસે રોજગારી આપવાનો કોઈ પ્લાન નહિ. આગામી દિવસોમાં બેરોજગારી – સરકારી નોકરીઓમાં ગેરરીતિ – ગોલમાલ – પેપરલીક મામલે યુથ કોંગ્રેસ ગાંધીનગરમાં મહાસંમેલન બોલાવશે. જેમાં રાજ્યના યુવાનો માટે ન્યાયની માંગ સાથે સરકારી ભરતી પારદર્શક રીતે થાય અને પેપર લીક ન થાય તે મામલે સરકાર યોગ્ય – સખ્ત કાયદો બનાવે. તત્કાલ વિધાનસભા સત્રમાં પેપરલીક મામલે કાયદો બનાવે તે મુખ્ય મુદ્દા હશે. રાજસ્થાનમાં પેપર લીક થયું 45 દિવસમાં નિર્ણય આવ્યો છે ત્યારે ગુજરાત સરકાર શા માટે ગેરરીતિ કરનારાઓને બચાવી રહી છે ? આગામી 28 તારીખે ગુજરાતનો યુવાન ગાંધીનગરમાં આવી લડશે. તાલુકે તાલુકે નાના મોટા સંમેલન કરશે. અબજો રૂપિયાના રોકાણ, કરોડો રોજગારીના દાવા સાથે યોજાતી વાઈબ્રન્ટ સમિટના નામે સરકારે ગુજરાતના યુવાનોને ગુમરાહ કરી રહી છે. છેતરપીંડી કરી રહી છે.

અત્યાર સુધીમાં વાઈબ્રન્ટના નામે કેટલા ગુજરાતીઓને નોકરી આપી ? રોજગાર મુદ્દે ભાજપ સરકારની નિષ્ફળતા સામે ગુજરાતના યુવાનોને રોજગાર આપવાની નીતિ અંગે કોંગ્રેસ પક્ષે દ્વારકા ડીક્લેરેશનમાં સ્પષ્ટ બાબતો સમાવેશ કરીને પ્રતિબધ્ધતા જાહેર કરી છે. સરકારી ચોપડે નોંધાયેલા 5 લાખ જેટલા બેરોજગાર છે. ન નોંધાયેલા 30 લાખથી વધુ શિક્ષિત બેરોજગાર છે. ચૂંટણી માટેની નહિ કોંગ્રેસ યુવાનો માટે લડાઈ લડશે. ભગવાન રામના શ્રાપના કારણે નહિ ભાજપ સરકારની નીતિને કારણે ગુજરાતનો યુવાન બેરોજગાર છે.

ગાંધીનગર ખાતે યોજાનાર યુવા સંમેલનમાં મુખ્ય ત્રણ માંગ છે કે, રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં ખાલી પડેલા 5 લાખ જગ્યાઓ પર તાત્કાલીક ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે અને ગુજરાતના યુવાનોને પારદર્શક પધ્ધતિથી નોકરી આપવામાં આવે. વિવિધ સરકારી ભરતી પરીક્ષાના 22 થી વધુ પેપર લીક મામલે તાત્કાલિક કાયદો બનાવે અને પેપરલીકના આરોપી સામે સખત પગલાં ભરવામાં આવે.

રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતાં ધારાસભ્યશ્રી જીગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે, દેશમાં અને ગુજરાતમાં બેરોજગારીનો પ્રશ્ન ચરમસીમાએ રહેલો છે. છેલ્લા 7 વર્ષમાં દેશમાં 8 કરોડ બેરોજગાર બન્યા છે. 45 વર્ષમાં સૌથી ઉંચો બેરોજગારીનો દર ભાજપા સરકારની ભેટ છે. ચૂંટણીના વર્ષમાં બજેટમાં યુવાનોને રોજગાર મળશે પણ સમગ્ર બાબત  ક્યાંય જોવા મળતી નથી. રાજ્યના બેરોજગાર યુવાનોને અપેક્ષા હતી કે સરકાર ભરતી કરશે. લાખો યુવાનો મીટ માંડી બેઠા છે. ગુજરાતમાં મનરેગામાં કામ કરનારા લોકોનો આંકડો ડબલ થઇ ગયો છે. ગુજરાતમાં 40 થી 50 લાખ લોકો બેરોજગારો છે. વિધાનસભામાં પણ સરકાર પેપર લીક મામલે કોઈ ચર્ચા નહિ. 28 માર્ચે ચાલો ગાંધીનગરનો કોલ સાથે હજારો યુવાનોને ગાંધીનગર લડતમાં જોડાવવા માટે અપિલ છે.  28 મી માર્ચે ચાલો ગાંધીનગરના કોલ સાથે સરકારને સવાલ પૂછીશું.

છેલ્લા અઢી દાયકા જેટલા લાંબા સમયગાળાના ભાજપના શાસન દરમ્યાન ગુજરાતની એક આખી નવી પેઢી બેકારી, બેરોજગારી, દિશાવિહીનતાની ગર્તામાં ધકેલાઈ ગઈ છે. ''કોન્ટ્રાક્ટ પ્રથા'' અને ફિક્સ પગાર તથા સહાયક જેવા નુસ્ખા અને સરકાર દ્વારા જ શોષણખોરીનું નવું મૉડેલ ચિંતાજનક છે. રાજ્યની મહામૂલી પૂંજી એવા યુવાનો પરત્વે ભાજપે બેશરમ અને ગુનાહીત ઉદાસીનતા દાખવી છે. બેફામ ઉધ્ધતાઈપૂર્ણ વલણ દાખવીને જે કંઈ પણ કોન્ટ્રાક્ટપ્રથા કે ફિક્સ પગારની ભરતી કરી તેનાં ભાગની સંસ્થાઓના ટ્રસ્ટો, મળતિયાઓ, દલાલો દ્વારા જંગી રકમનો ભ્રષ્ટાચાર કરી રહી છે અને કામ કરતા કર્મચારીઓનું મોટા પાયે આર્થિક શોષણ કરી રહી છે. આંગણવાડીની બહેનો, આશાવર્કર, એનએચએમ અને મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ, ડ્રાઈવર / કંડક્ટર, સફાઈ કામદારો, પ્રવાસી શિક્ષકો, સરકારી વિભાગો, કોર્પોરેશન, નિગમોમાં કોન્ટ્રાક્ટ ઉપર કામ કરતા વર્ગ-૩/૪ ના કર્મચારીઓ ભાજપ સરકારની શોષણની નીતિનો ભોગ બન્યા છે. તેઓની સમાન કામ-સમાન વેતન અને કાયમી રોજગારીની માંગણી ગુજરાત સરકારે અભરાઈએ ચડાવી દીધી છે. સરકારી હોસ્પિટલોમાં ડોક્ટર, નર્સો અને મેડીકલ સ્ટાફની કાયમી ભરતી કરવામાં આવતી નથી, જેની અછતના કારણે દર્દીઓને ભારે હાલાકી વેઠવી પડે છે. ટેટ-ટાટ પાસ થયેલ 50,000 જેટલા યુવાનો - યુવતીઓને શિક્ષક તરીકે ભરતી પ્રક્રિયા હાથ ન ધરીને અન્યાય થઈ રહ્યો છે જેની ગંભીર અસર ગુજરાતના શિક્ષણ પર પડી રહી છે. ભાજપ સરકાર ગુજરાતના લાખો યુવાનોની કારકિર્દી અને જિંદગી સાથે રમત રમવાનું બંધ કરે.

યુવાનોના રોજગાર મુદ્દે, સરકારી ભરતીઓમાં ગેરરીતિઓ અટકે તેવી માંગ સાથે તા. 28મી માર્ચે યોજાનાર યુવા સંમેલનના જાહેરાત કરતી પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના પ્રમુખશ્રી વિશ્વનાથસિંહ વાઘેલા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશી, મીડીયા પેનાલીસ્ટશ્રી હિરેન બેંકર ઉપસ્થિત રહ્યાં હતાં.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા